ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસનોટ- **2001/08/2023** તા:**31/08/2023**

સુરત ખાતે જીલ્લા પંચાયત ભવનનું લોકાર્પણ રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના હસ્તે તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

----

આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ગ્લોબલ વોર્મિંગ સામે મિશન લાઇફની ઝુંબેશથી લોકોમાં વૃક્ષો વાવવા પ્રત્યે ઘણી જાગૃતતા આવી છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

આજે દેશની જનતાને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર સંપુર્ણ વિશ્વાસ છે અને તેના કારણે છેવાડાના માણસને પણ વિશ્વાસ છે મારી સાથે મોદી સરકાર છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

સુરત શહેરમાં 10 જેટલા મોટા પ્રોજેકટ ચાલી રહ્યા છે તે કદાચ આખા દેશના કોઇ મહાનગર પાલિકામાં કામ કરવામાં આવ્યા નહી હોય. – શ્રી સી.આર.પાટીલ

----

સહકાર ક્ષેત્રમાં દેશના ગૃહમંત્રી અને સહકારમંત્રી શ્રી અમિતભાઇ શાહ સાહેબ પણ અલગ અલગ યોજના દ્વારા અલગ અલગ નિયમ બનાવી ભ્રષ્ટાચાર દુર થાય અને છેવાડાના માનવીને લાભ થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છે. – શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ સરસાણા રોડ, ખજોદ ચોકડી સુરત ખાતે જીલ્લા પંચાયત ભવનનું લોકાર્પણ રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના વરદ હસ્તે અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાવેશભાઇ પટેલે સ્વાગત પ્રવચન કર્યુ તેમજ રાજયના મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ પ્રાસંગીક પ્રવચન કર્યુ.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, સુરત જિલ્લા પંચાયતનું ભવન લોકોના પ્રશ્નોને વાંચા આપવા માટે કેવી વ્યવસ્થા હોઇ શકે તેનું ઉત્તમ ઉદાહરણ છે. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ગ્લોબલ વોર્મિંગ સામે મિશન લાઇફની ઝુંબેશથી લોકોમાં વૃક્ષો વાવવા પ્રત્યે ઘણી જાગૃતતા આવી છે.  નાગરિકો પાણી અને વિજળીનો બચાવ વધુમાં વધુ કરે તે માટે તે ખૂબ મહત્વનુ છે. આજે દેશની જનતાને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સંપુર્ણ વિશ્વાસ છે અને તેના કારણે છેવાડાના માણસને પણ વિશ્વાસ છે  મારી સાથે મોદી સરકાર છે. જનતાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર વિશ્વાસ મુક્યો અને સાહેબે વિશ્વાસના વળતરમાં વિકાસ આપ્યો છે. પહેલા લોકોને સરકારની યોજનાની જાણકારી હતી નહી આજે મોદી  સરકાર છેવાડાના માનવીને પણ સરકારની યોજનાનો લાભ મળે તેનો પ્રયત્ન કરી રહી છે. સૌ સાથે મળી વિકસીત ભારત બનાવીએ તેવો સંકલ્પ કરાવ્યો.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે,રાજયમાં દરેક જગ્યાએ નવા ભવનમાં લોકોને તમામ સગવડો મળી રહે તે માટે રાજય સરકાર અદ્યતન બિલ્ડિંગ બનાવી રહી છે.કામકાજ માટે આવતા લોકોને કોઇ સમસ્યા ન રહે તેમના ધક્કા ન ખાવા પડે તે માટે વ્યવસ્થા કરી છે. દક્ષિણ ગુજરાતમાં સુગર ફેકટરી ફરી શરૂ કરવા રાજય સરકારે 30 કરોડની ગ્રાન્ટ આપવાનો નિર્ણય બજેટમાં કર્યો હતો તેનો પહેલો હપ્તો પાંચ કરોડનો આજે મળવા જઇ રહ્યો છે તે બદલ શુભકામના અને આવનાર 15 ઓક્ટોબરથી વ્યારા સુગરમાં પ્લાન્ટનું કામ ચાલુ થશે. સુરત શહેરમાં 10 જેટલા મોટા પ્રોજેકટ ચાલી રહ્યા છે તે કદાચ આખા દેશના કોઇ મહાનગર પાલિકામાં કામ કરવામાં આવ્યા નહી હોય. આવનાર 50

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

વર્ષ સુધી સુરત શહેરમાં વધતી વસ્તી અને ઇન્ડસ્ટ્રીને પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે તેમાં કામ ચાલી રહ્યુ છે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, સુરત મહાનગર પાલિકાનું બિલ્ડિગ દેશમાં પહેલુ બિલ્ડિંગ હશે કે જે 30 માળનું છે તે ગૌરવની વાત છે. પીએમ મીત્ર પાર્કથી ટેક્સટાઇલમાં ક્રાંતિ આવશે અને લોકોને રોજગારી મળી રહેશે. સહકાર ક્ષેત્રમાં દેશના ગૃહમંત્રી અને સહકારમંત્રી શ્રી અમિતભાઇ શાહ સાહેબ પણ અલગ અલગ યોજના દ્વારા અલગ અલગ નિયમ બનાવી ભ્રષ્ટાચાર દુર થાય અને છેવાડાના માનવીને લાભ થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છે.

આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી કનુભાઈ દેસાઈ ,શ્રી બચુભાઈ ખાબડ ,શ્રી હર્ષભાઈ સંઘવી ,શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા ,શ્રી કુવરજીભાઈ હળપતિ , ધારાસભ્યશ્રીઓ શ્રી ગણપતભાઈ વસાવા ,શ્રી સંદીપભાઈ દેસાઈ ,શ્રી અરવિંદભાઈ રાણા ,શ્રી પ્રવીણભાઈ ઘોઘારી,સુરત જીલ્લા પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડ ,સુમુલ ડેરીના ચેરમેન શ્રી માનસિંહભાઈ પટેલ, ડીસ્ટ્રીકટ બેંકના ચેરમેન શ્રી બળવંતભાઈ ,કલેકટરશ્રી સહીત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

**ડૉ.યજ્ઞેશ દવે**
**(પ્રદેશ મિડિયા કન્વીનર)**